# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-03-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

1) કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે જણાવ્યું કે પાંચ વર્ષમાં બે લાખ જેટલી સેવા સહકારી મંડળીઓ અને પ્રાથમિક દૂધ ઉત્પાદક મંડળીઓને કૉ-ઑપરેટિવ ઝૂંબેશ સાથે જોડાશે
2) આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે છેવાડાના ગામોમાં નાગરિકોની પ્રાથમિક અને માળખાકીય સુવિધાઓ પૂર્ણ કરવા માટે સરકાર સંકલ્પબદ્ધ
3) આગામી ત્રણ દિવસમાં રાજ્યમાં કાળઝાળ ગરમી પડવાની હવામાન વિભાગની આગાહી
4) આદિવાસી સંસ્કૃતિને ઉજાગર કરતાં પ્રસિધ્ધ ડાંગ દરબારને માણવા હજારોની સંખ્યામાં લોકો ઉમટ્યાં
5) દુબઇમાં રમાઇ રહેલી ન્યુઝિલેન્ડ સામેની ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઇનલ મેચમાં જીત માટેના 252 રનના લક્ષ્યાંકના જવાબમાં ભારતની પ્રારંભિક ઓવરોમાં આક્રમક શરૂઆત

.......................................................................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# AMIT SHAH-1

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે પાંચ વર્ષમાં બે લાખ જેટલી સેવા સહકારી મંડળીઓ અને પ્રાથમિક દૂધ ઉત્પાદક મંડળીઓને કૉ-ઑપરેટિવ ઝૂંબેશ સાથે જોડવામાં આવશે. અમદાવાદ ડિસ્ટ્રીક્ટ કોઓપરેટિવ બેંકના અમદાવાદના જેતલપુર ખાતે યોજાયેલા સ્વર્ણિમ શતાબ્દી સમાપન સમારોહ પ્રસંગે બોલતા તેમણે કહ્યું હતું કે ભવિષ્યમાં વાહનચાલકો માટે પણ કૉ-ઑપરેટિવ મૂવમેન્ટ અને બીજ ઉત્પાદન સહિતનાં ક્ષેત્રોને પણ જોડવામાં આવશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને સહકાર રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં શ્રી શાહે એડીસી બેંકના સાયબર સેફ્ટી એન્ડ સિક્યોરિટી પાયલોટ પ્રોજેકટનું લોકાર્પણ કર્યું હતું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે દેશમાં સહકારી બેંકો પહેલાથી હવે વધુ સ્પર્ધાત્મક અને પારદર્શક બની છે અને વર્ષોથી ખોટમાં ચાલતી એડીસી બેંક નફો કરતી બેંક બની ગઈ હતી.

શ્રી શાહે ગાંધીનગર નજીક અડાલજ ખાતે ગુજરાત બાર કાઉન્સિલ દ્વારા આયોજિત વકીલોના શપથગ્રહણ સમારોહના કાર્યક્રમમાં પણ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે શ્રી શાહે જણાવ્યું કે.. દેશમાં કોઈ પણ જગ્યાએ FIR નોંધાશે એની સર્વોચ્ચ અદાલત સુધી ન્યાય આપવાની પ્રક્રિયા ત્રણ વર્ષમાં પૂર્ણ થઈ જાય તેવી ન્યાયિક પ્રક્રિયા ટૂંક સમયમાં લાગુ કરાશે.

(બાઇટ: અમિત શાહ, ગુજરાત બાર કાઉન્સિલ)

# AMIT SHAH-2

શ્રી શાહ ગાંધીનગર ખાતે વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ તેમજ કેન્દ્ર સરકારના કોમન સર્વિસ સેન્ટર વચ્ચે MoU પર હસ્તાક્ષર તેમજ પેરા હાઈ પરફોર્મન્સ સ્પોર્ટ્સ સેન્ટરના શિલાન્યાસ સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે શ્રી શાહે 325 કરોડ રૂપિયાના રોકાણ સાથેનું આ પેરા હાઈ પરફોર્મન્સ સ્પોર્ટ્સ સેન્ટર સમગ્ર દેશમાં માત્ર ગાંધીનગરમા છે તેમ જણાવ્યું હતું.

**(બાઇટ: અમિત શાહ, પેરા હાઈ પરફોર્મન્સ સ્પોર્ટ્સ સેન્ટર)**

તેમના પ્રવાસના અંતે  શ્રી શાહ શાશ્વત મિથિલા ફાઉન્ડેશન દ્વારા નવનિર્મિત ભવનના લોકાર્પણ અને કવિ કોકિલ વિદ્યાપતિની મૂર્તિના અનાવરણ પ્રસંગમાં ઉપસ્થિત રહેશે.

# CM-prajapti samaj karykram

ગાંધીનગરના શેરથા ખાતે પ્રજાપતિ સમાજ દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનું સન્માન કરાયું હતું. કાર્યક્રમમાં સંબોધન કરતા મુખ્યમંત્રીએ જણાવ્યું કે, સમાજને આગળ વધારવાના પ્રયત્નોથી ચોક્કસ પરિણામ સારું મળી શકે છે.તેમણે સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌના પ્રયાસ"કાર્યમંત્ર થકી સૌને આગળ વધવા અપીલ કરી હતી.શેરથા ખાતે સામાજિક અને શૈક્ષણિક સંકુલ બનાવવા માટે જમીન ફાળવવામાં આવતા પ્રજાપતિ સમાજે મુખ્યમંત્રીનો આભાર વ્યક્ત કર્યો હતો.

# RUSHIKESH MEHSANA

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે મહેસાણા જિલ્લાના ત્રાંસવાડ ખાતે ગ્રામ પંચાયત ભવનનું લોકાર્પણ કર્યું. આ સાથે 97 લાખ રૂપિયાથી વધુના વિવિધ વિકાસકામોનું લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે શ્રી પટેલે જણાવ્યું કે છેવાડાના ગામોમાં નાગરિકોની પ્રાથમિક અને માળખાકીય સુવિધાઓ પૂર્ણ કરવા માટે સરકાર સંકલ્પબદ્ધ છે. શ્રી પટેલે ઉમેર્યું કે મનરેગા યોજના અંતર્ગત ગ્રામ પંચાયતોનો વિકાસ થઈ રહ્યો છે, જેમાં ત્રાંસવાડ ગ્રામ પંચાયત સર્વપ્રથમ છે જેનું લોકાર્પણ કરાયું છે.

(બાઇટ: ઋષિકેશ પટેલ, આરોગ્ય મંત્રી)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# WEATHER

આગામી ત્રણથી ચાર દિવસ દરમિયાન સૌરાષ્ટ્ર કચ્છ, ઉત્તર ગુજરાતની નજીકના વિસ્તાર તેમજ દક્ષિણ ગુજરાતનાં કેટલાક વિસ્તારમાં મહત્તમ તાપમાન 40 થી 42 ડિગ્રી સેલ્સિયસ જેટલું રહેવાની આગાહી હવામાન વિભાગે વ્યક્ત કરી છે. જેના કારણે રાજ્યમાં હિટવેવની શક્યતા પણ રહેલી છે.

# DANG DARBAR

આદિવાસી ભાતીગળ સંસ્કૃતિને ઉજાગર કરતો ડાંગ દરબાર મેળાનો આજથી આરંભ થયો છે. ડાંગ જિલ્લા કલેકટર કચેરીના પટાંગણથી ડાંગના પાંચ રાજવી શ્રીઓનું સન્માન કરી બગીમાં બેસાડી નગર ભ્રમણ કરાયું. આ રથનું મંત્રી કુંવરજી હળપતિ, સાંસદ ધવલ પટેલ, ગુજરાત વિધાનસભાના નાયબ દંડક વિજય પટેલે લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. ડાંગ જિલ્લાના મુખ્ય મથક ખાતે આજથી ચાર દિવસ સુધી ચાલનારા આ મેળામાં મોટી સંખ્યામાં લોકો જોડાઈ રહ્યાં છે.

(બાઇટ : રાજ સુથાર ,ડાંગ કલેકટર)

# PORBANDAR AIRPORT

પોરબંદરથી જ વધુ વિમાનોની અવરજવર થાય તે માટેના પ્રયાસો હાથ ધરાયા છે. જે અઁતર્ગત

પહેલી એપ્રિલથી પોરબંદરના એરપોર્ટ પરથી મુંબઈ માટે ફરીથી એક વખત વિમાની સેવા શરૂ થશે. એરપોર્ટને વિશાળ બનાવવાની કામગીરી શરૂ થશે. પરંતુ આ કામગીરી શરૂ થાય તે અગાઉ પોરબંદરથી મુંબઇની વિમાની સેવા ઉપલબ્ધ થાય તે માટે ખાનગી એરલાઇન્સ દ્વારા નાનું પ્લેન પહેલી એપ્રિલથી પોરબંદર મુંબઈ વચ્ચે શરૂ થશે તેમ પોરબંદરના ધારાસભ્ય અર્જૂન મોઢવવાડિયાએ જણાવ્યું હતું.

(બાઇટ: અર્જૂન મોઢવાડિયા , ધારાસભ્ય , પોરબંદર)

# CRICKET

દુબઇમાં રમાઇ રહેલી ભારત અને ન્યુઝિલેડ વચ્ચેની ચેમ્પિયન્સ ટ્રોફીની ફાઇનલ મેચમાં ભારતે આક્રમક શરૂઆત કરી હતી... ભારતને મળેલા જીત માટેના 252 રનના લક્ષ્યાંકના જવાબમાં છેલ્લા અહેવાલ મુજબ શૂન્ય વિકેટ ગુમાવીને 10 ઓવરમાં 64 રન કર્યા હતા. કેપ્ટન રોહિત શર્મા અને ગીલના ઓપનિંગ જોડીએ આક્રમક શરૂઆત કરીને અડધી સદીની ભાગીદારી નોંધાવી હતી..

અગાઉ ટોસ જીતીને ન્યુઝિલેંડે બેટીંગ પસંદ કર્યું હતું.. જોકે ભારતીય સ્પિનરોએ ન્યુઝિલેંડના બેટ્સમેનોને રન કરવા દીધા ન હતા અને ટોચના બેટ્સમેનોને પેવેલિયન ભેગા કરી દીધા હતા.. જોકે મેચેલ અને બ્રેસવેલે રમેલી અરધી સદીની રમતને કારણે ન્યુઝિલેંડની ટીમે સાત વિકેટે 251 રન કર્યા હતા ભારત તરફથી વરૂણ ચક્રવર્તી અને કુલદિપ યાદવે 2-2 જ્યારે જાડેજા અને શમીએ એક-એક વિકેટ ઝડપી હતી.

# KADANA DAM

ગુજરાત રાજ્યના ત્રીજા નંબરના કડાણા ડેમના નિર્માણને 48 વર્ષ પૂર્ણ થયા બાદ હવે પ્રથમ વાર તેના દરવાજા બદલવાની કામગીરી હાથ ધરાઇ છે. સિંચાઇ વિભાગ દ્વારા કુલ 27 દરવાજા બદલવા માટે મંજુરી માંગવામાં આવી હતી. જેમાં હાલ નવ ગેટ બદલવા માટે પરવાનગી આપવામાં આવી છે જે ત્રણ વર્ષમાં બદલવામાં આવશે. સિંચાઇ વિભાગ દ્વારા પ્રથમ તબક્કામાં પહેલા વર્ષ મા 2 ગેટ બદલવામાં આવશે ત્યારબાદ બીજા બે વર્ષમાં બાકી રહેલા અન્ય ગેટ બદલવામાં આવશે.

દરવાજામાં કાટ અને દરવાજા ખવાઇ જતાં ઘસારો આવ્યો હોવાથી નવી ડિઝાઇન સાથે ફીટ કરવામાં આવશે જેમાં ગેટની આગળ સ્ટોપ વોલ મુકી જુના ગેટ ડિસમેંટલ કરી નવા ગેટ લગાવવામાં આવશે

# VALSAD MARATHON

વલસાડના તિથલ ખાતે નારીશક્તિને વંદન હેઠળ અનોખી સાડી મેરેથોન યોજાઇ. આ મેરેથોનમાં 2 હજાર 500થી વધુ મહિલાઓએ ભાગ લીધો. સાડીમાં દોડતી મહિલાઓએ નારીશક્તિના દર્શન કરાવ્યા હતા. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ મહિલાઓના શારીરિક અને માનસિક સ્વાસ્થ્યને પ્રોત્સાહન આપવાનો હતો.

# RAJKOT TRAIN SCHEDULE

પૂર્વોત્તર રેલવેના કુસમ્હી -ગોરખપુર કેન્ટ મથક વચ્ચે નોન-ઈન્ટરલોકિંગ કામને લીધે રાજકોટ ડિવિઝનની કેટલીક ટ્રેનો પ્રભાવિત થઈ છે. આગામી 24 એપ્રિલ અને પહેલી મે ના રોજ ગોરખપુરથી ચાલનારી ટ્રેન ગોરખપુર-ઓખા એક્સપ્રેસ રદ્દ રહેશે. આગામી 27 એપ્રિલ અને 4 મે ના રોજ ઓખાથી ચાલનારી ટ્રેન ઓખા-ગોરખપુર એક્સપ્રેસ પણ રદ્દ રહેશે. આ ઉપરાંત 10,11,24 એપ્રિલ અને પહેલી મેની ટ્રેન પોરબંદર-મુઝફ્ફરપુર એક્સપ્રેસ નિર્ધારિત માર્ગને બદલે વાયા બારાબંકી-શાહગંજ-મઊ-ફેફના-છપરા-મુઝફ્ફરપુરના રસ્તે ચાલશે.